જેની પાસે જીવન
જીવવાનું ઉમદા ધ્યેય
નથી એવા જીવનને હું
જીવન ગણતો નથી
- ડો. ભીમરાવ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૯૧ ૧૦ જૂન ૨૦૧૨, રવિવાર, જયેષ્ઠ વદ - ૭ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# સરિતા ઉદ્યાન પાસે ઍર-ગનથી ફાયરીંગ

## સરગાસણના ત્રણ નબીરાઓએ જ-૩ પાસે ચાલુ ગાડીમાંથી હવામાં ગોળીબાર કરતાં ચકચાર મચી જવા પામી ચ-માર્ગ પર ૭/૮ના બસ સ્ટેન્ડ પાસે ડીવાયએસપી જાડેજાની ગાડીએ આંતરીને ત્રણેય નબીરાઓને ઝડપી લીધા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના સરિતાઉદ્યાન પાસે આજે સાંજે સાત વાગ્યાના સુમારે ત્રણ નબીરાઓએ જાહેરમાં ચાલુ કારે એરગનથી ફાયરીંગ કરતા સમગ્ર ગાંધીનગરમાં ભારે સનસનાટી મચી જવા પામી હતી અને પોલીસના હાથ પગ ફુલી ગયા હતા. પોલીસને જાણ થતા ખુદ ડીવાયએસપીની ગાડીએ ફિલ્મીઢબે ફાયરીંગ કરીને નાસી છૂટેલી કારને ચ-માર્ગ પરથી પકડી સરગાસણના ૩ ઈસમોને એરગન સાથે ઝડપી પાડ્યા હતા. અને તેમના વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ગાંધીનગર નજીક ચિલોડાથી ઈન્દ્રોડા પાર્ક તરફ આજે સાંજે એક વેગનઆર કાર નં. જીજે-૧૮એએમ-૧૮૩૩ લઈ ૩ નબીરાઓ પસાર થઈ રહ્યા હતા. જેમાં બે નબીરાઓએ ચિક્કાર દારૂ પીધેલી હાલતમાં હતા. ૩ પૈકી એક ઈસમે ચાલુ કારમાંથી સરિતાઉદ્યાન પાસે એરગનમાંથી ફાયરીંગ કરતા ભારે સનસનાટી મચી જવા પામી હતી. આ ફાયરીંગની જાણ હાઈ-વે ટ્રાફીક પોલીસવાનને થતા તેણે જિલ્લા પોલીસ કંટ્રોલરૂમમાં જાણ કરતા જિલ્લા પોલીસ દોડતી થઈ ગઈ હતી. અને શહેરના મુખ્ય માર્ગો પર નાકાબંધી હાથ ધરી હતી. દરમિયાન ગાંધીનગર જિલ્લા ડીવાયએસપી જાડેજા ચ-૩ સર્કલ તરફથી પસાર થઈ રહ્યા હતા અને તેમના કમાન્ડોએ કંટ્રોલના મેસેજના વર્ણનના આધારે કારને ઓળખી પાડી હતી અને તેનો

● અનુસંધાન પાન-૭ પર

### ત્રણેએ ચિક્કાર દારૂ પીધો હતો

ગાંધીનગર નજીક ચિલોડા તરફથી આવતા અને સરિતાઉદ્યાન પાસે ફાયરીંગ કરનાર ૩ ઈસમો પૈકી ચિક્કાર દારૂ પીધેલી હાલતમાં હતા અને પકડાતા ભારે ઝપાઝપી કરી હતી. પરંતુ પોલીસે ઝડપી તાત્કાલિક પોલીસની ગાડીમાં મોકલી આપ્યા હતા.

### ૭ મહિના પહેલાં અંબાજીથી ઍર-ગન ખરીદી હતી

ગાંધીનગરના સરિતાઉદ્યાન આગળ ફાયરીંગ કરનાર આ ૩ ઈસમોએ મોજશોખ કરવા અને લોકોને ડરાવવાના ઉદ્દેશથી ૬ મહિના પહેલા અંબાજીથી આ એરગન ખરીદી હતી અને આજે તેઓએ ૨ જેટલા રાઉન્ડ છોડ્યા હતા.

### ડીવાયએસપી જાડેજાએ ખુદ પીછો કરી કાર ઝડપી પાડી

જિલ્લાના ડીવાયએસપી જાડેજાને કંટ્રોલમાંથી મેસેજ મળતા ડીવાયએસપીના કમાન્ડોએ મેસેજના વર્ણન આધારે કાર નં. જીજે-૧૮-એ-એમ-૧૮૩૩ને અને પાછળ મોટા અક્ષરે 'રાજપૂત'ને ઓળખી પાડી અને ચ-માર્ગ પર ૭/૮ના બસ સ્ટેન્ડ નજીકથી ફિલ્મીઢબે ખુદ ડીવાયએસપી અને તેમના કમાન્ડોએ ત્રણેયને ઝડપી પાડ્યા હતા.

આવકાર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત
પ્રેરણા વિદ્યાલય
ધો.૧૦ તથા ધો-૧૨માં પાસ થનાર દરેક વિદ્યાર્થીને અભિનંદન પાઠવે છે.
ધો. ૯ થી ધો.૧૨ (સામાન્ય પ્રવાહ)માં પ્રવેશ ચાલુ છે
પ્લોટ નં. ૩૪૦, સેક્ટર-૫/એ, ગાંધીનગર
ફોન નં. : ૨૩૨ ૪૬૦૦૭ ● સમય : ૮ થી ૧૨




